## ગુજરાત રાજ્યના વકીલમંડળોની ચૂંટણી ૨૨મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતબરના ૨૫૦થી વધુ જુદા જુદા વકીલમંડળોની ચૂંટણી એકસાથે તા.૨૨મી ડિસેમ્બરે યોજાવા જઈ રહી છે ત્યારે આજે ગુજરાત બાર કાઉન્સીલ દ્વારા એક મહત્વના નિર્ણય મારફતે જાહેર કરાયું હતું કે, જે બાર એસોસીએશનો દ્વારા આ તારીખે ચૂંટણી નહી યોજાય ત્યાં બાર કાઉન્સીલની સ્પેશ્યલ કમીટી મૂકી દેવામાં આવશે એમ અત્રે ગુજરાત બાર કાઉન્સીલના ચેરમેન ભરત ભગત અને શિસ્ત સમિતીના ચેરમેન અનિલ કેલ્લાએ જણાવ્યું હતું.

# પ્રથમ તબક્કામાં કોંગ્રેસને ૪૮ અને ભાજપને ૪૧ બેઠકોની સંભાવના

ગાંધીનગર, તા. ૧૦

વિધાનસભાની ચૂંટણીનું પહેલા તબક્કાનું મતદાન પુરૂ થયુ. જેમાં કુલ ૮૯ બેઠકો માટે મતદારોએ મત આપ્યા હતા. જેમાં સૌરાષ્ટ્ર, કચ્છ સહિત દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના ભરૂચ અને નર્મદા જિલ્લાની બેઠકોનો સમાવેશ થયો છે. આ ૮૯ બેઠકો ભાજપ કોંગ્રેસ માટે નિર્ણાયક સાબિત થવાની છે. કારણ કે આ વિસ્તારમાં અનેક બેઠકો ઉપર પાટીદાર આંદોલન સહિત વિવિધ પ્રકારના આંદોલન થયા હતા. જેનો કોને કેટલો લાભ અને કેટલુ નુકશાન થયું છે તેનો ખરો અંદાજ તો ૧૮મી ડિસેમ્બરના રોજ આવશે.

સૌરાષ્ટ્ર અને કચ્છની કુલ ૫૪ બેઠકો પૈકી કોંગ્રેસને ૩૦ કરતા વધુ બેઠકો મળવાનો અંદાજ છે. તેની પાછળના કારણ મુખ્ય કારણ પાટીદાર આંદોલન ઈફેક્ટ છે. સુત્રોના મત પ્રમાણે ૩૦ બેઠકો કોંગ્રેસને મળી રહી છે, તે ઓછામાં ઓછો અંદાજ છે. સંભાવના એવી પણ જોવામાં આવી રહી છે કે આ બેઠકોમાં વધુ ૧૦ બેઠકોનો વધારો થાય તો કોંગ્રેસ ૪૦ બેઠકો માત્ર સૌરાષ્ટ્ર કચ્છમાંથી મેળવી શકે તેમ છે.

જો કે કોંગ્રેસને સૌરાષ્ટ્રમાંથી ૪૦ બેઠકો મળે તેવો આંકડો અતિશયોક્તિભર્યો હોવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. તેના કારણે હાલમાં સૌરાષ્ટ્રમાંથી કોંગ્રેસને ૩૦ અને ભાજપને ૨૪ બેઠકો મળી રહી છે તેવુ માની ચાલવુ પડે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં અને મધ્ય ગુજરાતની ૩૫ બેઠકો ઉપર મતદાન થયુ. કોંગ્રેસનો દેખાવ સૌરાષ્ટ્ર જેવો સારો નહીં હોવા છતાં કોંગ્રેસ અને વિસ્તારમાં પોતાના ખાતુ ખોલી રહ્યું છે. જેમાં સુરત શહેરમાં ચાર બેઠકો જીતવાની સંભાવના છે. જેના કારણે આ વિસ્તારની ૩૫ બેઠકો પૈકી ૧૮ બેઠકો ઉપર કોંગ્રેસ વિજય પતાકા લહેરાવશે. જ્યારે ૧૭ બેઠકો ઉપર ભાજપ આગળ ચાલશે.

આમ પહેલા તબક્કાની કુલ ૮૯ બેઠકોમાંથી કોંગ્રેસ ૪૮ બેઠકો અને ભાજપ ૪૧ બેઠકો ઉપર ભાજપ આગળ રહેશે તેવી સંભાવના છે.

# નોટબંધી, જીએસટી, મોંઘવારી, સ્કૂલ ફીની સમસ્યાઓથી ગાંધીનગર છે પરેશાન : ડૉ. સી.જે. ચાવડા

ગાંધીનગર, તા. ૧૦

શું કરીએ... ભાઈ..? ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવા છતાં સુવિધાઓ મળવામાં તકલીફ



છે. આ રસ્તાઓ, વર્ષો સુધી રીપેર નથી થતા ખાડા કરીને ઊંડી ચોકડી બનાવવા છતાં માંડ માંડ પીવાનું પાણી આવે છે અને સાહેબ વરસાદમાં તો પૂછો જ નહિ..! ઘર પાસે જ તળાવો ભરાઈ જાય છે જેમાં જાહેર સફાઈ યોગ્ય રીતે ન થતી હોવાથી કચરો, ગંદકી ને મચ્છર..! બધા માંડા પડી જઈએ છીએ... પણ અમારી સમસ્યાઓ સાંભળવા કોઈ આવતુ જ નથી. ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર લોક સંપર્ક કરનાર કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડા સમક્ષ દરેક સેક્ટરના વસાહતીઓ પોતાની આ વ્યથા ઠાલવી રહ્યાં છે. ગાંધીનગર ઉત્તર મતક્ષેત્રના કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડા દરેક નગરજનની આ આક્રોશપૂર્ણ લાગણી સાંભળી સાત્વના આપી રહ્યા છે. હવે ચિંતા કરો નહિ..! કોંગ્રેસ સરકાર બનતા જ નવસર્જન કરીશુ. આ તમામ પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવીશુ.



ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ડૉ. સી.જે. ચાવડાને નવસર્જન લોકસપંર્ક યાત્રામાં વ્યાપક આવકાર મળ્યો છે. માત્ર ૧૦ દિવસમાં જ એક-એક નાગરીકને ઘેર ઘેર જઈ ડૉ. સી.જે. ચાવડા મળી રહ્યા છે. આ દરેક નાગરીકો સાથે આગવી ઓળખ અને અંગત પરિચય ધરાવતા ડૉ. ચાવડાને જોતા જ ઉમળકાભેર આવકાર ફૂલહાર, કુમકુમ તિલક, શ્રીફળ, સાકર અપાય છે. ભ્રષ્ટાચાર, નોટબંધી, જીએસટી, મોંઘવારીથી પીસાતી ગાંધીનગરની પ્રજાને બાળકો માટે શિક્ષણ આપવામાં પણ ફાફા પડી રહ્યા છે. પાટનગરમાં જ સાત સાત વાયબ્રન્ટ કરવા છતાં સ્થાનિક યુવાનોને ક્યાય કોઈ રોજગારી મળી નથી. જીઆઈડીસી મૃતપાય થઈ ગઈ છે. મહિલાઓ સહીત મધ્યમ વર્ગનો નાગરિક ઘરના ઘર માટે ભટકી રહ્યો છે. છેલ્લા ૨૨ વર્ષથી બાજપ સરકાર હોવા છતાં પ્રજામાં ભારોભાર રહેલા અસંતોષ અંગે ડૉ. સી.જે. ચાવડાનું કહેવું છે કે, બહેન-દીકરીઓ સલામત નથી. પાટનગરમાં જ ચોરી, લૂંટ-ફાટ, હત્યાના બનાવો વધતા હોય ત્યાં સુરક્ષા કોની એ પ્રશ્ન થાય છે. નાગરિકોની આ વ્યથાને દૂર કરવાની ખાતરી આપતા ડૉ. સી.જે. ચાવડાએ દરેક ભાઈ-બહેનોને નવસર્જન માટે આગળ આવી, કોંગ્રેસ સાથે હાલ મિલાવવા અપીલ કરી છે.

# બીજેપી હટાવો, લોકશાહી બચાવો : દિનેશ બાંભણીયાની ફેસબુક પોસ્ટ..!

### હાર્દિક સાથે ન હોવાનો દાવો કર્યા બાદ થયેલી દિનેશની પોસ્ટ ફેસબુક પર ટ્રોલ : કોમેન્ટમાં ગાળો પડી

ગાંધીનગર, તા. ૧૦

પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા હાર્દિક પટેલના પરિષદ યોજીને હાર્દિક પટેલ સાથે ન હોવાનુ નિવેદન આપ્યુ હતુ. ગઈકાલે દિનેશ બાંભણીયાએ તેના ફેસબુકમાં




સાથીદાર કહેવાતા દિનેશ બાંભણીયાએ બે દિવસ પહેલા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનના દિવસના એક દિવસ પહેલા પ્રત્રકાર ‘બીજેપી હટાવો, લોકશાહી બચાવો’ની પોસ્ટ કરતા ફરી ચર્ચામાં આવ્યો છે. દિનેશ બાંભણીયા ‘ના ઘરનો ના ઘાટનો’ રહ્યો હોવાની ઉપરાંત ગાળો સહીતની કોમેન્ટસ તેના ફેસબુક પોસ્ટ પર આવતા સોશ્યલ મીડીયામાં ટ્રોલ થયો છે.

હુ પાસમાં છુ પરંતુ હાર્દિક સાથે નથી. સમજી વિચારીને મતદાન કરજો... પ્રથમ તબક્કાના મતદાનમાં એક દિવસ અગાઉ પત્રકાર પરિષદ યોજીને પાસનો દિનેશ બાંભણીયાએ આ નિવેદન આપી વિવાદ ઉભો કર્યો હતો. ત્યાર બાદ ગઈકાલે બપોરે ૧૧.૨૮ કલાકે દિનેશ બાંભણીયાએ પોતાના ફેસબુક એકાઉન્ટમાંથી પોસ્ટ કરી હતી. ‘ભાજપ હટાવો, લોકશાહી બચાવો’ આ પોસ્ટ થતા જ દિનેશ બાંભણીયાના ફેસબુક ઉપર કોમેન્ટની વર્ષા થઈ ગઈ હતી અને ખુબ ટ્રોલ થયો હતો. દિનેશ સમાજમાં ભાગલા પાડી રહ્યો છે. હાર્દિક અને દિનેશે અંદરોઅંદરના ડખા આવી રીતે પત્રકાર પરીષદ યોજીને બહાર લાવી સમાજની ફજેતી ન કરવી જોઈએ સહિતની કોમેન્ટોનો મારો શરૂ થઈ ગયો હતો અને અપશબ્દોનો પણ મારો શરૂ થઈ ગયો હતો..!



ગાંધીનગરમાં તા. ૧૦મી સપ્ટેમ્બરથી તા. ૮મી ડિસેમ્બર દરમ્યાન અવસાન પામેલા મૃતાત્માઓના જેમની અંતિમક્રિયા સે. ૩૦ના મુક્તિધામ અને ન્યુ ગાંધીનગરના રુદ્રભૂમિ સ્મશાન ખાતે કરવામાં આવી હોય તેવા ૭૨૭ મૃતાત્માઓના અસ્થિને હરિદ્વારના હરકીપેડી ખાતે ગંગામાં વિસર્જન કરવામાં આવનાર છે. આ અસ્થિ વિસર્જનની સેવા માટે જુનિયર સિટીઝન કાઉન્સિલના સ્વયંસેવકો ઉલ્લાસ વોરા, જે.કે. ભાઈ, હિતેશ બી. રાવલ, રાકેશ ઉપાધ્યાય તથા કાર્તિક પરમાર અસ્થિકુંભ લઈને રવાના થયા હતા.

# જન વિકલ્પ પાર્ટીને ગાંધીનગરમાં પ્રતિસાદ



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં રાજકીય ગરમાવો જામતો જાય છે. જો કે રાજ્યના પાટનગરમાં તો બારેમાસ રાજકીય વાતાવરણ જ છવાયેલુ હોય છે. પરંતુ ચૂંટણી ટાણે પાટનગરનો મિજાજ અલગ હોય છે. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ પાટનગરમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર ઉત્તર બેઠક પર ૧૨ ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણીના દિવસો જેમ જેમ નજીક આવી રહ્યા છે તેમ તેમ ઉમેદવારોની મુશ્કેલીઓ વધતી જાય છે. પાટનગરના મતદારોનું મન કોઈ ઉમેદવાર કળી શકતા નથી. ત્યારે ગાંધીનગરની બેઠક પરથી જન વિકલ્પ પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા કરણસિંહ વાઘેલાને ગાંધીનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો જેવા કે પીંડારડા, ઉનાવા, સોનીપુર, પીંપળજ, પેથાપુર, કોલવડા, રાંધેજા, રૂપાલ, સરઢવ, ઈન્દ્રોડામાં પ્રચાર-પ્રસાર માટે પ્રવેશતાની સાથે ગામના સરપંચ, આગેવાનો, નાગરીકો, મહિલાઓ તથા યુવાનો દ્વારા કરણસિંહનું ફુલહારથી ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારની નાની-મોટી રજુઆતો અને પ્રશ્નો જણાવે છે. ત્યારે કરણસિંહ વાઘેલા પણ પ્રજાજનોને ખેડૂતોના પ્રશ્નો વીજળી, પાણી, બિયારણ, પોષણક્ષમ ભાવ તથા સબસીડીવાળી લોન સહાય માટે લડી લઈ સૌના પ્રશ્નો સંતોષ થાય તે રીતે ઉકેલવાની ખાતરી આપી હતી. જ્યારે બીજી તરફ ગાંધીનગર શહેરમાં પણ જુદા જુદા સેક્ટરોમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન ગાંધીનગરના નગરજનો પણ વર્ષોથી નહીં ઉકેલાતા પ્રશ્નોની રજુઆતો કરી તેઓને આવકારી રહ્યા છે. જ્યારે મોટી સંખ્યામાં મતદાન કરીને વિજયી બનાવવાની ખાતરી મતદારો આપી રહ્યા છે. તો સામે પક્ષે જનવિકલ્પના ઉમેદવાર કરણસિંહ વાઘેલાએ પણ નાગરીકોના વિવિધ પ્રશ્નો અને રજુઆતોનો પ્રતિસાદ આપવાનું સક્રિય કાર્ય બજાવ્યું છે.

# ઉનાવામાં બસપાની જાહેર સભા



ગાંધીનગર, તા. ૧૦

ભાજપ-કોંગ્રેસની સાથે સાથે અન્ય રાજકીય પક્ષોએ પણ પ્રચાર તેજ કરી દીધો છે. શહેરમાં ચોતરફ રાજકીય વાતાવરણ છવાયેલુ છે. ત્યારે ગાંધીનગર ઉત્તર બેઠક પરથી બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર ગોવિંદભાઈ રાઠોડે પણ રેલી અને જાહેર સભાઓ દ્વારા મતદારો સુધી પહોંચી રહ્યા છે. રાત-દિવસ ઉમેદવારો અને કાર્યકરો પ્રચારના કાર્યમાં પરોવાયેલા જોવા મળે છે. ત્યારે આજે ઉનાવા ગામે બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર ગોવિંદ રાઠોડે જાહેરસભાને સંબોધી હતી. આ સભામાં ઉનાવા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ચૂંટણીને પ્રચારને ગણતરીના કલાક બાકી રહેતા ઉમેદવારોની ઉંઘ ઉડી ગઈ છે. શિયાળાની ઠંડીમાં પણ રાજકીય ગરમાવો બરોબરોનો જામ્યો છે. આ પ્રસંગે બસપાના રાષ્ટ્રીય નેતા રામ અચલ રાજભટ અને પ્રભારી છઠુરામજી હાજર રહ્યા હતા.

# રાજનાથસિંહ અને સ્મૃતિ ઈરાનીના વિરોધના મેસેજથી પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા. ૧૦

ભાજપ દ્વારા ગાંધીનગરના અલગ અલગ વિસ્તારોમાં સ્ટાર પ્રચારકોની જાહેર સભાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે પેથાપુરમાં રાજનાથસિંહ અને રાંધેજામાં સ્મૃતિ ઈરાનીની જાહેરસભાની જાહેરાત બાદ યુવા રાજપૂત સમાજના ટેગથી પદ્માવતિ ફિલ્મના વિરોધમાં સાથ ન આપનાર બંને કેન્દ્રીય મંત્રીઓનું ઈંડા તથા ટામેટાથી સ્વાગત કરવાની જાહેરાતના મેસેજ સોશ્યલ મિડીયામાં ફરતા થઈ જતા પોલીસ દોડતી થઈ ગઈ હતી અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. પેથાપુર ખાતે રાજનાથસિંહ સાંજે સાડા છ વાગ્યે અને રાંધેજા ખાતે સ્મૃતિ ઈરાની સાડા સાત વાગ્યે જાહેરસભા સંબોધશે તેવી ભાજપની જાહેરાત બાદ સોશ્યલ મીડીયામાં રાજપુત યુવા વિકાસ પરિષદના નામે વિરોધ પ્રદર્શનના મેસેજ શરૂ થઈ ગયા હતા.

# ૧૯૬૨ની પહેલી ચૂંટણીનો પ્રચાર મુદ્દો હરિફોને ગાળો બોલવી નહીં, પણ અંગ્રેજી ભાષાનો હતો

## ૨૬ નંબરનો બંગલો શુકનિયાળ : જે વસવાટ કરે તે મુખ્યમંત્રી સુધી પહોંચે છે

ભારતમાં હાલ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે થાય તેવી દરખાસ્તો ભારતના ચૂંટણી પંચને મળી ચૂકી છે ત્યારે ગુજરાતની પહેલી વિધાનસભા ચૂંટણી સાથે લોકસભાની ચૂંટણી પણ લડાઈ હતી. ૧૯૬૨માં બન્નેનું ઈલેક્શન સાથે થયું હતું. ૧૯મી ફેબ્રુઆરીએ ગુજરાતની ચૂંટણી યોજાઈ હતી જ્યારે લોકસભાની ચૂંટણી ૧૯ થી ૨૫ તારીખે થઈ હતી. કેન્દ્રમાં ૪૯૪ બેઠકો પૈકી ૩૬૧ બેઠકો સાથે કોંગ્રેસની સરકાર બની હતી. એ સમયે કેન્દ્રના નેતાઓ જ્યારે ચૂંટણી પ્રચારમાં ગુજરાત આવતા હતા ત્યારે તેઓ વિધાનસભા અને લોકસભાની ચૂંટણીનો સાથે પ્રચાર કરતા હતા.એ સમયે વિધાનસભાની ૧૫૪ અને લોકસભાની ૨૨ બેઠકો હતી. માત્ર ૫૦ ટકા મતદાન થયું હતું અને ચૂંટણીનો એક મુદ્દો અંગ્રેજી ભાષાનો હતો. અત્યારે જે ગાલીગલોચ થાય છે તેવું તેમાં ન હતું. એ સમયે કોંગ્રેસ અંગ્રેજી ભાષાના વિરોધમાં હતી તેવી છાપ હતી કે જેથી બાળકોના વાલીઓને ચિંતા હતી. ઉમેદવારે ખુલાસા કરવા કરવા પડતા હતા કે કોંગ્રેસ પાંચમા ધોરણ થી નહીં આઠમા ધોરણથી અંગ્રેજીની હિમાયતી છે. એ સમયે ૨૫ લોકો ભેગા થતા હતા ત્યારે સભા થતી હતી. આનું નામ શાલિનતા કહેવાય છે.

**● સાત ચીફ મિનિસ્ટરની ઉમેદવારી નથી, મતદાન છે...**

ગુજરાતની આ ચૂંટણીમાં કુલ સાત પૂર્વ મુખ્યમંત્રીઓ મતદાન કરી રહ્યાં છે. અત્યાર સુધીના વર્ષોની આ મહત્વની ઘટના છે. ભાજપના સિનિયર મોસ્ટ કેશુભાઈ પટેલે તો રાજકોટમાં મતદાન કરી દીધું છે. સુરેશ મહેતાએ પણ કચ્છમાં મતદાન કર્યું છે. કોંગ્રેસમાં એકમાત્ર પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી હયાત છે. તેઓ ૧૪મીએ મતદાન કરશે. એ ઉપરાંત રાજપાના શંકરસિંહ વાઘેલા, દિલીપ પરીખ તેમજ ભાજપના નરેન્દ્ર મોદી અને આનંદીબહેન પટેલ હવે મતદાન કરશે. સાત સાત પૂર્વ મુખ્યમંત્રીઓ ગુજરાતની ૨૦૧૭ની ચૂંટણીમાં મતદાન કરે તે સૌથી મોટું ગૌરવ છે. જો કે આ સાતમાંથી એકપણ પૂર્વ મુખ્યમંત્રી ચૂંટણી લડતા નથી તે સૌથી મોટું આશ્ચર્ય છે. ભાજપના કેશુભાઈ પટેલ છેલ્લી ચૂંટણી ૨૦૧૨માં લડ્યા હતા.

**● ગાંધીનગરમાં ૨૬ નંબરના બંગલાની હકીકત....**

ગાંધીનગરમાં મંત્રીમંડળ વિસ્તારમાં આવેલા ૨૬ નંબરના બંગલાનો રાજકીય ઈતિહાસ છે. આ બંગલામાં જે મિનિસ્ટર વસવાટ કરે છે તે ચીફ મિનિસ્ટર બને છે. બંગલા વિસ્તારમાં અપશુકનિયાળ ૧૩ નંબરનો બંગલો જ નથી તેના સ્થાને ૧૨-એ નંબરનો બંગલો છે. આમ તો મુખ્યમંત્રીનું સત્તાવાર આવાસસ્થાન બંગલા નંબર-૧માં હોય છે. એક નંબરના બંગલામાં માધવસિંહ સોલંકી રહેતા હતા અને તેમણે ૨૬ નંબરનો બંગલો અમરસિંહ ચૌધરીને ફાળવ્યો હતો. અમરસિંહ મુખ્યમંત્રી થયા. ચીમનભાઈ પટેલ એક નંબરના બંગલામાં રહેતા હતા અને ૨૬ નંબર છબીલદાસ મહેતાના ફાળે આવ્યો હતો. છબીલદાસ મહેતા મુખ્યમંત્રી થયા હતા. કેશુભાઈના શાસનમાં ૨૬ નંબરમાં સુરેશ મહેતા રહેતા હતા. છેવટે સુરેશ મહેતા મુખમંત્રી બન્યા હતા. શંકરસિંહ વાઘેલાની રાજપા સરકારમાં દિલિપ પરીખ આ બંગલામાં હતા. દિલીપ પરીખ મુખ્યમંત્રી થયા હતા. ૨૦૦૧ પછી જ્યારથી મોદી આવ્યા હતા ત્યારથી તેમણે ૨૬ નંબરના બંગલાને મુખ્યમંત્રીનું સત્તાવાર નિવાસસ્થાન બનાવી દીધું હતું અને એક નંબરના બંગલાને કચેરીમાં ફેરવી નાંખ્યો હતો. આ પછી આનંદીબહેન અને વિજય રૂપાણીએ આ બંગલો છોડ્યો નથી.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**● આજ કા એમએલએ એટલે ખાવું, પીવું ને જલસા...**

ગુજરાતના આપણા પ્રજાના પ્રતિનિધિઓ આજે જાલીમ પગાર અને ભથ્થાં લઈ રહ્યાં છે ત્યારે ૧૯૬૦માં ધારાસભ્યને માત્ર ૨૫૦ રૂપિયા મહેનતાણા પેટે મળતા હતા. મોંઘવારીની સાથે સાથે ધારાસભ્યોના પગાર અને ભથ્થાં પણ વધતા ગયા છે. ૧૮મી ઓગષ્ટ ૧૯૬૦માં ગુજરાતની પહેલી વિધાનસભાનો પ્રારંભ થયો ત્યારે તેના સભ્યોમાં સાદગી ઉડીને આંખે વળગે તેવી હતી. પૂજ્ય રવિશંકર મહારાજના હસ્તે સાબરમતી આશ્રમમમાં વિધાનસભાનું ઉદ્દઘાટન થયું હતું. સાદગીમાં માનનારા સભ્યોને મહેનતાણા પેટે ૧૫૦ રૂપિયાનો પગાર અને ૧૦૦ રૂપિયા એકત્રિત ભથ્થું મળતું હતું. ૧૯૬૫માં પહેલીવાર આ પગારમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. કહેવાય છે કે આજે ગુજરાતના ધારાસભ્યોને ૮૦ હજાર જેટલો માસિક પગાર અને ભથ્થાં મળી રહ્યાં છે. જો કે સૌથી વધુ ૨.૫૦ લાખનો માસિક પગાર તેલંગાણાના ધારાસભ્યો મેળવી રહ્યાં છે. દિલ્હીના ધારાસભ્યો પણ આ રાજ્યનુ અનુકરણ કરી રહ્યાં છે અને હાલ ૧.૨૫ લાખ સુધી મહેનતાણું મેળવે છે. સૌથી ઓછો ૧૭૫૦૦ ત્રિપુરાના ધારાસભ્યોનો સેલેરી છે. આ ધારાસભ્યો ગરીબ છે...

**● કોંગ્રેસનું બેસ્ટ પ્રદર્શન ૧૯૮૦ અને ૧૯૮૫માં...**

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનું બેસ્ટ પ્રદર્શન ૧૯૮૫માં રહ્યું હતું. માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસને ૧૪૯ બેઠકો મળી હતી. આ સમયે જનતાપાર્ટીને ૧૪ અને ભાજપને ૧૧ બેઠકો ફાળે આવી હતી. ભાજપનો ગુજરાતમાં ઉદય આમ તો ૧૯૮૦માં થયો હતો. પહેલીવાર ભાજપે ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું અને તેમાં ૯ બેઠકો મેળવી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસના ફાળે ૧૪૧ બેઠકો આવી હતી. કોંગ્રેસની પડતી ૧૯૯૦માં શરૂ થઈ હતી અને ચીમનભાઈ પટેલ તેમજ ભાજપની સામે કોંગ્રેસને માત્ર ૩૩ બેઠકો મળી હતી. આ સમયે ચીમનભાઈ પટેલના બન્ને હાથમાં લાડુ હતા. તેમણે ભાજપની ૬૭ બેઠકો સાથે જોડાણ કરીને સત્તા કબ્જે કરી હતી. ચીમનભાઈ પટેલને ૭૦ બેઠકોનો સાથ હતો. ભાજપે ટેકો પાછો ખેંચી લેતાં ચીમનભાઈએ કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું અને છેવટે કોંગ્રેસમાં ભળી ગયા હતા. ૧૯૯૫માં માત્ર ૪૫ બેઠકો સાથે કોંગ્રેસે વિપક્ષમાં બેસવાની શરૂઆત કરી હતી જે અત્યાર સુધી ચાલે છે.

**● જીવરાજ મહેતા ૧૪ સભ્યોથી સરકાર ચલાવતા હતા...**

ગુજરાતમાં અત્યાર સુધીમાં રચાયેલા મંત્રીમંડળમાં પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતા અને હિતેન્દ્ર દેસાઈના મંત્રીમંડળોની સંખ્યા ઓછામાં ઓછી હતી. આ બન્ને મુખ્યમંત્રીઓ માત્ર ૧૪ સભ્યોથી ચલાવતા હતા, જ્યારે સૌથી વધુ ૪૫ સભ્યો ધરાવતી કેબિનેટ છબીલદાસ મહેતાના સમયમાં હતી. એક સમયે માધવસિંહ સોલંકીએ પણ જંબો કેબિનેટ બનાવી હતી પરંતુ તેમની સરકાર વધુ સમય ટકી ન હતી. બીજા મુખ્યમંત્રી બળવંતરાય મહેતાએ પણ તેમના કેબિનેટનું કદ ૧૫ સભ્યોનું રાખ્યું હતું. ધનશ્યામ ઓઝાના મંત્રીમંડળમાં પણ મર્યાદિત ૧૮ સભ્યો હતા. રાજ્યમાં ૧૯૮૫ પછી મંત્રીમંડળની સંખ્યા વધારવાની સરકારોને ફરજ પડી હતી. જ્ઞાતિના ધોરણે લડાતી ચૂંટણીમાં કેબિનેટની રચના સમયે જિલ્લા અને જ્ઞાતિને પણ પ્રભુત્વ આપવાની શરૂઆત થઈ હતી જે આજદિન સુધી ચાલતી આવે છે.

## હાલ ટ્રસ્ટીશીપના સિદ્ધાંતો નેવે : ૧૯૬૦માં MLAનો માસિક પગાર ૨૫૦ રૂપિયા હતો

## ૧૪૭ની ક્યારે ૪૫ થઇ તે ખબર ન પડી, ભાજપની ૧૯૮૦માં ૧૧ બેઠકોથી ઇંનિગ્સ